# અમેરિકાની સફર બની સંગીત આરાધના ભાગ-૨

**સા..રે..ગ..મ..**
**(અંક ૧૦૬)**



પ્રિય મિત્રો, આ વખતે **Work-Shop** નું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. વિદેશમાં ભારતીય શાસ્ત્રીય સંગીતનો પ્રચાર અને પ્રસાર થાય તે મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો. આ સંગીત કેટલું ઉપયોગી છે, અને તેના ફાયદા ઉઠાવવા માટે પધ્ધતિસરના અભ્યાસની શિબિરો કરવામાં આવી હતી. જેના વિષયો હતા.

(૧) ભારતીય શાસ્ત્રીય સંગીતનો ઈતિહાસ

(૨) ભારતીય સંગીતના પ્રબંધ પ્રકારો-(ગીત પ્રકારો)

(૩) **Voice Cultare**

(૪) અષ્ટ પ્રહરના કિર્તનો.

શિબિરાર્થીઓએ **Workshop** મન ભરીને માણી હતી. આ શિબિરોમાં **Maxicans, americans, japnise** અને **Ind onations** પણ **Indian** લોકો સાથે શામીલ થયા હતા.

આ શિબિરની એક ખાસિયાતએ હતી કે ૨ાા કલાકની શિબિરમાં પ્રથમ અડધો કલાક મારા ગાયનનું રસપાન કરતા હતા. જેમાં બડાખ્યાલો, છોટાખ્યાલો, ઠુમરી, ભજન અને કિર્તનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પધ્ધતિસરનું ગાયન કેમ ગાવું તે શીખવા માટે શ્રવણ જ્ઞાન જરૂરી છે.

ત્યાર બાદ અવાજ તૈયાર કરવા માટે કેટલીક ગળાની કસરતો કરાવતી હતી. આનાથી મને તથા મારા વિદ્યાર્થીઓને ઘણો ઘણો ફાયદો થયો છે એટલે અમેરિકામાં વસતાં મારા વિદ્યાર્થીઓ અને જ્ઞાન-પિપાસુઓને ફાયદો થવો જ જોઈએ.

પ્રિય મિત્રો **Atlanta** માં શ્રી મુસ્તફાભાઈ અજમેરીએ અમને ખૂબ સાથ આપ્યો તેમની **Hospitality** અને પ્રેમભાવ ખરેખર અનોખા હતા. પૈસા તો ઘણા બધા પાસેથી મળે છે પણ તેની સાથે એક સાચો સંગીતનો જીવ જેણે ખરેખર સંગીત માટે પોતાનું જીવન અર્પણ કર્યુ છે તે અમે અનુભવ્યું. કલાકારોને કોઈ તકલીફ ન પડે, તેઓ તેમની સાંગીતીક ફરજ નિભાવે તેજ એક માત્ર મુસ્તફાભાઈનો હેતું હતો.

પ્રિય મિત્રો આવા લોકો બહુ ઓછા જોવા મળે છે, જે મુસ્લિમ હોવા છતાં જૈનોને પણ એટલા પ્રિય છે. વૈષ્ણવોને પણ પ્રિય છે. અમેરિકનોના પણ હૈયે વસેલા છે.

તેમની નિગરાહની હેઠળ અમે ૪ **Workshop** કરી દેરાસરમાં શ્વેતમ્બર અને દિગમ્બરો માટે જૈન સ્તવનોનો કાર્યક્રમ કરી ખૂબ ભકિત આરાધના કરાવવી. શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં આવેલ ગુણીજનોએ કાર્યક્રમ મન મુકીને માણ્યો. ત્યાં એક સનાતન મંદિરની સ્થાપના કરવામાં આવી રહી છે જેના કાર્યકર્તા તરલાબેન અને પ્રકાશભાઈ તથા અનિલભાઈએ અને મામાએ ભકિત સંધ્યાનું આયોજન કર્યુ હતું. જેમાં ભાવિકજનો મનમૂકિને રસ તરબોળ થયા હતા.

તો એટલાન્ટાના નરસિંહ મહેતા ગણાતા મુસ્તફાભાઈ, અને ખૂબ પ્રેમથી સાચવનાર તરલાબેનનો આભાર માનું એટલો ઓછો છે.

આપ જેવા ગુણીજનો જયાં સુધી છે ત્યાં સુધી ભારતીય સંગીત જીવંત, જીવંત અને જીવંત જ રહેશે. તેમા કોઈ શંકાને સ્થાન નથી.

એક બે સુંદર ભજન લખું છું તમને જરૂર ગમશે...

**મેરે તો ગિરિધર ગોપાલ, દુસરો ન કોઇ**
**જાકે સર મોર મુહટ, મેરો પતિ સોઇ મેરે...**

કોઈ કહે કારો, કોઈ કહે ગોરો
લીયો હે અખિયા ખોલ

કોઈ કહે હલકો કોઈ કહે ભારો
લીયો હૈ તરાજુ તોલ...મેરે....

કોઈ કહે છાને કોઈ કહે છપને
લીયો હે બજતા ઢોલ
તનકા ગહના મેં સબ કુછ દીનો
લીયો હૈ બાજુ બંધ ખોલ..મેરે

**ચદરીયા ઝીની રે ઝીની**

કે રામનામ રસ ભીની ચદરિયા
અષ્ટકમલ કા ચરખા બનાયા, પંચ તત્વકી પૂજા
નોં દસ માસ ગુનન કી લાગે, મુરખ મૈલી કીની...
ચદરીયા...
જબ મોરી ચાદર બન ઘર આયી, રંગ રે જ કો દીની ચદરિયા
ઐસા રંગ રંગા રંગ રેલે, કે લીલો લાલ કર દીની...
ચદરીયા...
ચાદર ઓઢ શંકા મત કરીયો દો દિન તુમ કો દીની ચદરીયા
મુરખ લોગ ભેદ નહી અને દિનદિન મેલી કીન ચદરીયા
ચદરીયા...
ધ્રુવ પ્રહલાદ સુદામાને ઓઢી, શુકદેવ નીરમલ હિન્દી ચદરીયા
દાસ કબીર...ને ઓઢી ચદરિયા, જયુકી ત્યું ધર દીની ...
ચદરીયા...
















**પ્રાપ્તિ સ્થાનઃ-**

● **રાજકોટ**
પ્રવિણ પુસ્તક ભંડાર-
મ્યુનિસીપલ માર્કેટની સામે

● **અમદાવાદ**
**આરાધના સંગીત એકેડમી,**
**શર્મા મ્યુઝીકલ સ્ટોર, ક્રોસવર્ડ,**

આપને જણાવતા આનંદ થાય છે કે ડૉ. મોનિકાબેનની નવી **C.D.S.** બહાર પડેલ છે.
**૧ 'આલાપ'માં - રાગગોરષ કલ્યાણ, રાગદેશ, દોરીનો સમાવેશ કરવામાં આવે છે.**
**રૂા. ૧૦૦**
**૨. ખાસ જૈનો માટે રત્નાકર પચ્ચીશી, મોટી સાધુવંદણા રૂા. ૧૦૦**
**૩. બદાઇ બાળ ગીતો રૂા. ૫૦**
**સંગીત આરાધના ભાગ-૫ બહાર પડેલ છે.**
**સંગીત આરાધના ભાગ ૧ થી ૫ ની કિંમત રૂા. ૫૫૦...+ પોસ્ટેજ ચાર્જ**



**આરાધના સંગીત એકેડમી**

**ડો. મોનીકા હિતેન શાહ**

૭, સુરેન્દ્ર મંગળદાસ કમ્પાઉન્ડ, પંજાબ નેશનલ બેંકની બાજુમાં, નહેરૂનગર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.મો.૯૮૯૮૦ ૬૯૩૫૦,
ઈ-મેઈલ એડ્રેસ :
**drmonicashah@ yahoo.com**



**પદ્ધતિસરનું સંગીત શીખો**

**સંગીત આરાધના ભાગ ૧, ૨, ૩, ૪, કિંમત-૩૪૦/+પોસ્ટેજ ખર્ચ**

● આરાધના ફાઉન્ડેશનના મેમ્બર બની પ્રતિવર્ષ આરાધના એકેડમી દ્વારા બહાર પડતી સી.ડી. મેળવો આ જીવન સભ્ય ફી-૫૦૦૦/-રૂા.

● આરાધના લિસન્ર્સ કલબના સભ્ય બની પ્રતિમાસ ભારત તથા વિદેશમાંથી આવતા શાસ્ત્રીય સંગીતના કલાકારોને માણો.
આજીવનસભ્ય ફી-૫૦૦૦/- રૂા.

● બહાર પડેલ નવી સી.ડી.''આરાધના'' રાગ-જોગ તથા રાગ-નંદને માણો કિંમત - ૧૦૦/-રૂા. (ઉપરાંત સ્થળે ઉપલબધ છે)